# ટૂંકી મુદતનો પ્રશ્ન

તા.૨૧-૦૯-૨૦૨૨

વલસાડ અને નવસારી જિલ્લામાં વરસાદથી રસ્તાઓને નુકશાન

ટૂં.મુ.૮૦ શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ-

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહિનામાં થયેલ ભારે વરસાદને લીધે વલસાડ અને નવસારી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેટલા માર્ગોને નુકશાન થયેલ છે, | (૧) | તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહિનામાં થયેલ ભારે વરસાદને લીધે વલસાડ જિલ્લાના ૧૫૮ અને નવસારી જિલ્લાના ૫૦૯ માર્ગોને નુકશાન થયેલ છે. |
| (૨) | આ માર્ગના મરામત માટે સરકાર ધ્વારા શી કામગીરી કરવામાં આવી, અને | (૨) અને (3) | ઉક્ત સ્થિતિએ નુકશાન પામેલ માર્ગોની મરામત સારૂ મેટલ પેચ અને ડામર પેચની કામગીરી કરવામાં આવેલ અને તમામ રસ્તાના મેટલ પેચની કામગીરી પુર્ણ કરવામાં આવેલ હતી તેમજ હોટ મીક્ષ પ્લાન્ટ શરૂ કરી વલસાડ જિલ્લાના ૧૨૦ અને નવસારી જિલ્લાના ૩૪૮ માર્ગોના ડામર પેચની કામગીરી પુર્ણ કરેલ હતી. તાજેતરના વરસાદના કારણે જે કામગીરી બાકી રહેલ છે તે ટુંક સમય માં પુર્ણ કરવામાં આવનાર છે. |
| (3) | તે પૈકી કેટલા માર્ગોનું મરામત કામ પૂર્ણ કરવામાં આવ્યું ? | | |